## ડાયરેક્ટ ❤ સે

તમારામાં
સદગુણ કેળવો
સદગુણ વાસ્તવિક બનશે
તમારા પરિવારમાં
સદગુણ કેળવો
સદગુણ ખીલશે
તમારા ગામમાં
સદગુણ કેળવો
સદગુણ ફેલાશે
દુનિયામાં
સદગુણ કેળવો
સદગુણનો
સર્વત્ર વિજય થશે

## જન્મદિને વધામણી



દેવાંશ રણછોડભાઈ રથવી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
ગેસ્ટ ઈન લંડન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
સ્પાઈડરમેન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫
સ્પાઈડરમેન (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૪**
ટ્યુબલાઈટ
૧૨.૪૫
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે એન્ડ યુઝ
૯.૩૦
**સ્ક્રીન-૫**
ગેસ્ટ ઈન લંડન
સવારે ૧૦.૦૦
મોમ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
ટ્યુબલાઈટ
૬.૪૫

# વી એમ - એચ વી પટેલ બાલમંદિરમાં ગૌરી વ્રતની ઉજવણી કરવામાં આવી



શ્રી વી એમ પટેલ અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર ખાતે શનિવારે ગૌરી વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. મનોહર વેષભૂષામાં સજ્જ થયેલી બાલિકાઓથી પરિસર રંગીન બની ગયું હતું. ગોરમાને લઈ આનંદથી બાલિકાઓએ ગરબા ગાઈને આ પર્વનો આનંદ માણ્યો હતો.

# એસ. કે. પટેલ સ્કૂલમાં ઉજવાયો 'કાર્ટૂન ડે'



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ પ્રિ.પ્રાઈમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શનિવારે 'કાર્ટૂન ડે' ઉજવવામાં આવ્યો હતો. ટોમ એન્ડ જેરી , ડોરેમોન, છોટા ભીમ, મોટુ-પતલુ વગેરે અનેક પ્રકારનાં કાર્ટૂનનાં વસ્ત્રો પરિધાન કરી બાળકોએ શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું. બાળકોને પ્રોજેક્ટરની મદદથી 'ટોમ એન્ડ જેરી' ફિલ્મ બતાવવામાં આવી હતી, જે જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. વાલીઓએ કાર્ટૂનના સ્ટીકર, ચાર્ટ અને માસ્ક બાળકો સાથે મોકલી ઉત્સાહથી પોતાનો સહયોગ આપ્યો હતો. આ તબક્કે શાળામાં બાળકોએ પોતે લાવેલાં કાર્ટૂનનાં સ્ટીકરની મદદથી ક્રાફ્ટવર્કનો આનંદ પણ ઉઠાવ્યો હતો.

# સોજા હાઈસ્કૂલ ખાતે વિશ્વ વસતી દિન નિમિત્તે વક્તૃત્ત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૮

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા ખાતે વિશ્વ વસતી દિન નિમિત્તે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સોજાના સહકારથી આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા 'વસતી વિસ્ફોટ ક વિકટ સમસ્યા' વિષયે વક્તવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. કૂદકે ને ભૂસકે વધતી માનવ વસતી કેવી સમસ્યાઓ સર્જે છે, તેની ભાવિ અસરો કે વિઘાતક મુશ્કેલીઓ કેવી સર્જાય છે તે અંગે વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

શાળાના આચાર્ય ભાવેશ જોષીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આ પ્રસંગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર અને આરોગ્ય કાર્યકર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિ અને અંકિતાબેન પટેલ દ્વારા વસતી વધારો અને તેના થકી ઉદ્ભવતી સમસ્યાઓ તેમજ તેના નિદાનાત્મક ઉપચારો અંગે વિગતવાર સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

# આજે 'દાદા-દાદીનો ઓટલો'

ગાંધીનગર, તા. ૮

આપણી માતૃભાષા ગુજરાતીના વિકાસ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા અભિયાન' દ્વારા ચલાવતા પ્રકલ્પો પૈકી, આપણી જૂની પેઢી પાસે જે જ્ઞાન અને સંસ્કારનો ખજાનો આજની પેઢીને મળે તે હેતુથી "દાદા-દાદીનો ઓટલો" કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. દર મહિનાના બીજા અને ચોથા રવિવારે પરિમલ ગાર્ડન, વસ્ત્રાપુર લેક ગાર્ડન, શાંતિ નિકેતન શાળા - વેજલપુર અને સરકારી ટ્યુબવેલ પાસે - બોપલમાં યોજવામાં આવે છે. માતૃભાષા ગુજરાતીનો બોલવા-લખવાં અને વાંચન વ્યવહારમાં વધુ પ્રચાર પ્રસાર થાય તથા જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે સંવેદિતા સર્જાય તેમજ બે પેઢી વચ્ચેનું અંતર ઓછું થાય તે હેતુથી "દાદા-દાદીનો ઓટલો" યોજવામાં આવે છે.

ધોરણ ૨ થી ૮ સુધીના બાળકો માટે "દાદા-દાદીનો ઓટલો" તા.૦૯/૦૭/૨૦૧૭નાં રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાન પરિમલ ગાર્ડન, વસ્ત્રાપુર લેક ગાર્ડન, શાંતિ નિકેતન શાળા - વેજલપુર અને સરકારી ટ્યુબવેલ પાસે—બોપલમાં યોજાશે, જેમાં બાળકોને નવી રમતો, પંચતંત્રની, હિતોપદેશની વાતો ની ગીતો અને વાર્તાઓ દ્વારા બાળકોને સમજાવશે તેમજ ગૌરીવ્રત, ગુરુ પૂર્ણિમાની મહત્વતા સમજાવી આપના દાદા-દાદી મજા કરાવશે. અને સમાંતર વાલીનો ચોતરો અને 'વાંચે બાળ' અંતર્ગત બાળ પુસ્તક પરબ તો ખરી જ. સર્વે બાળકો અને વાલીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજ્યની ચેસ પ્રતિભાઓને શક્તિદૂત એવોર્ડ એનાયત




ગાંધીનગર, તા. ૮

ટ્રાન્સસ્ટેડિયા, મણિનગર, અમદાવાદ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ખેલ મહાકુંભ-૨૦૧૭નો ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુવા, રમતગમત અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે ગુજરાતની ચેસ ક્ષેત્રનાં પ્રતિભાવંત ખેલાડી ધ્યાના પટેલ અને વિશ્વા વાસનાવાલાને શક્તિદૂત એવોર્ડથી નવાજવામાં આવ્યાં હતાં. ધ્યાના પટેલને રોકડ રૂપિયા પાંચ લાખ અને વિશ્વા વાસનાવાલાને રૂપિયા અઢીલાખની સહાય આપવામાં આવશે, જે પેટે હાલ તેઓને રૂપિયા બે લાખ અને રૂપિયા દોઢ લાખ એનાયત કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના સેક્રેટરી ભાવેશ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ જયેશભાઈ મોદી અને ટ્રેઝરર સમીર શાહે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને ચેસના ખેલાડીઓ માટે ઓથોરિટીએ કરેલી કામગીરીને બિરદાવી હતી.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈઝરાયલ પ્રવાસ દરમિયાન પ્રથમ વિશ્વયુદ્ધના શહીદ ભારતીય સૈનિકોને કયા સ્થળે જઈ શ્રદ્ધાંજલિ અર્પી હતી?
(એ) મુલીવ
**(બી) હાઈફા**
(સી) એલમી
(ડી) હાઈકા

(૨) આઈઆઈટી ખડગપુર સંસ્થાનના ચેરમેન પદે તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) વિમલ ગોયેન્કા
(બી) વિજય ગોયેન્કા
(સી) રાજીવ ગોયેન્કા
**(ડી) સંજીવ ગોયેન્કા**

(૩) ભારતમાં એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપનું આયોજન કેટલામી વખત થઈ રહ્યું છે?
(એ) પ્રથમ
(બી) દ્વિતીય
**(સી) તૃતિય**
(ડી) ચતુર્થ

(૪) ભારતમાં આયોજિત સંયુક્ત નૌસેના યુદ્ધ અભ્યાસ માલાબાર કવાયતમાં ભારત અમેરિકા સાથે ત્રીજો કયો દેશ જોડાયો છે?
(એ) રશિયા
(બી) થાઈલેન્ડ
(સી) ઈઝરાયલ
**(ડી) જાપાન**

(૫) ભારતમાં સંયુક્ત નૌસેના યુદ્ધ અભ્યાસ કવાયત માલાબારનું આયોજન કયા સ્થળે કરવામાં આવ્યું છે?
(એ) હિંદ મહાસાગર
**(બી) બંગાળની ખાડી**
(સી) અરબ સાગર
(ડી) દક્ષિણ અરબ સાગર

(૬) ૨૦૧૭, જુલાઈ દરમિયાન માલાબાર યુદ્ધ અભ્યાસ કવાયત કેટલા દિવસ યોજાશે?
**(એ) ૧૦**
(બી) ૧૫
(સી) ૫
(ડી) ૨૦

(૭) એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ (૨૨મી)માં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવનાર મહિલા મનપ્રીત કૌર કઈ રમત સાથે સંકળાયેલી છે?
(એ) ભાલા ફેંક
**(બી) ગોળાફેંક**
(સી) ચક્ર ફેંક
(ડી) દોડ

(૮) ૨૦૧૭ ફિફા રેન્કિંગમાં ભારતનો ક્રમ કયો નોંધાયો છે?
(એ) ૯૪
(બી) ૯૫
**(સી) ૯૬**
(ડી) ૯૭

(૯) ૨૦૧૭ ફિફા રેન્કિંગમાં પ્રથમ સ્થાને કયો દેશ રહ્યો છે?
**(એ) જર્મની**
(બી) પોર્ટુગલ
(સી) તુર્કી
(ડી) બ્રાઝીલ

(૧૦) ૨૦૧૭ની આગામી કુસ્તી ચેમ્પિયનશીપનું આયોજન કયા સ્થળે કરવામાં આવ્યું છે?
(એ) લંડન
(બી) ન્યૂયોર્ક
**(સી) પેરિસ**
(ડી) બેઈજિંગ


# ૧૦૨ સર્જકોનું સહિયારું પુસ્તક : શબ્દોત્સવ



## પુસ્તક પરિચય

કુંતલ નિમાવત

'છત્રીસેક માસિક બેઠકો, વ્યાખ્યાનમાળા અંતર્ગતના અને અન્ય મળી દસેક વ્યાખ્યાનો, દસેક પુસ્તક વિમોચનો અને ત્રણ ભવ્ય વાર્ષિકોત્સવ કર્યાના પૂર્ણ સંતોષ સથે હું આ જવાબદારીમાંથી મુક્ત થઈ રહ્યો છું. આશા છે કે મારા અનુગામીઓ આ પરંપરા જાળવી સાહિત્યની દિલપૂર્વક યથોચિત સેવા કરતા રહેશે.'




આ શબ્દો 'શબ્દોત્સવ' પુસ્તકના આરંભે પ્રસ્તાવનામાં ભરત કવિ દ્વારા લખવામાં આવ્યા છે. ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ તરીકેનો ત્રણ વર્ષનો કાર્યભાર એમણે સંભાળ્યો, એ દરમિયાન થયેલાં કાર્યોનો એમણે હેવાલ આપ્યો. એમના કાર્યકાળ દરમિયાન સાહિત્ય સભાએ બે પ્રકાશનો પણ કર્યાં. પહેલું પ્રકાશન એ સભ્યોના પરિચય પુસ્તકનું હતું અને એ પછી બીજું પ્રકાશન થયું તે આ 'શબ્દોત્સવ'. શબ્દોત્સવ એ ભરત કવિના જ વિચારબીજની ફલશ્રુતિ છે એવો એકરાર સંપાદકોએ સંપાદકીય લેખમાં કર્યો છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી પ્રકાશિત થયેલા આ 'શબ્દોત્સવ'માં સાહિત્ય સભાના સભ્યોની સાહિત્યકૃતિઓને સમાવવામાં આવી છે અને તેનું સંપાદન કર્યું છે સભાના જ સભ્યો એવા પ્રજ્ઞા પટેલ, રમણ વાઘેલા અને કિશોર જીકાદરાએ. આ એક જ પુસ્તકમાં ૧૦૨ સર્જકોની કૃતિઓને સમાવવામાં આવી છે એને ન માત્ર સાહિત્ય સભાની પરંતુ ગાંધીનગરની પણ ઉપલબ્ધિ ગણી શકાય.

પુસ્તકનું મુદ્રણ કૅપિટલ ઑફસેટનું છે, જેમાં કંઈ કહેવાપણું નથી. હા, પુસ્તકના અલગ-અલગ પાનાઓ ઉપર ફોન્ટનું કદ અલગ-અલગ દેખાય છે, લાઈન સ્પેસિંગ અલગ દેખાય છે. અલગ-અલગ કદની કૃતિઓને સમાવવા માટે આ કસરત તો કરવી જ રહી. પરંતુ તેમ છતાં પુસ્તકનું ડિઝાઈનીંગ પ્રમાણમાં નબળું લાગે છે. અંદરનાં બે કવર પેજ ઉપર સંભારણાં રૂપે કુલ છ તસવીરો મૂકવામાં આવી છે, જે પૈકી ચાર બહુ સ્પષ્ટ નથી. તસવીરોના સ્થાને કોઈ સૌજન્ય જાહેરખબર લેવામાં આવી હોત તો પુસ્તકનો ખર્ચ એમાંથી કાઢી શકાત ને સંસ્થાના બે પૈસાની બચત થાત. (સાહિત્ય અકાદમીની આર્થિક સહાય હોય તો બીજા કોઈની સહાય લેવાય નહીં એવું બંધન હશે? કોણ જાણે!)

૧૦૨ જેટલા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોની કૃતિઓ આ પુસ્તકમાં સમાવવામાં આવી હોવા છતાં આ પુસ્તકને સંપૂર્ણપણે ગાંધીનગરના સર્જકોનું પુસ્તક ગણી શકાય એમ નથી. કારણ કે એના છેલ્લા કવર પેજ ઉપર ઉમાશંકર જોષીની રચના 'ગાંધી ગિરા' સમાવવામાં આવી છે. ઉપરાંત ફિલરમાં પણ ખ્યાત કવિઓ, ગઝલકારોની પંક્તિઓ મૂકવામાં આવી છે.

તેમ છતાં ૧૯૯૮માં ગાંધીનગર સાહિત્ય સભાની સ્થાપના થઈ, એ પછી સભ્યોની જ કૃતિઓનું અનોખું પુસ્તક પ્રકાશન પહેલી વાર થયું ને એનું સ્વરૂપ જોતાં હવે પ્રતિ વર્ષ સભ્યોની આવા પ્રકાશન માટે માગણી ઉપજશે ને સાહિત્ય સભા દ્વારા આવાં પ્રકાશન એ પરંપરા બની જશે એવી શક્યતાઓ જોવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં સાહિત્ય સર્જકોની સંખ્યા ઘણી મોટી છે એ વાત તો જાણમાં હતી જ પરંતુ એ પૈકીના ૧૦૦થી વધુ સર્જકોની ગદ્ય-પદ્ય કૃતિઓ એક જ પુસ્તકમાં વાંચવા મળી જાય એ અવશ્ય લ્હાવો કહેવાય, જે 'શબ્દોત્સવ'ના માધ્યમથી ગાંધીનગર સાહિત્ય સભાએ વાચકોને આપ્યો છે. આ પુસ્તકના સર્જન સાથે સંકળાયેલા તમામ પક્ષકારોને હૃદયપૂર્વકના અભિનંદન.

પુસ્તક : શબ્દોત્સવ
પ્રકાશક : ગાંધીનગર સાહિત્ય સભા
કિંમત : રૂા. ૧૦૦/-

**એકસરખી**

તારી મારી છે દશાઓ એકસરખી,
થાય છે એની દવાઓ એકસરખી.
એક-સરખા તાલમાં ઝૂલી ઊઠીએ,
વાય છે આજે હવાઓ એકસરખી.
આપણું મિલન તો - થાતું યે રહેશે,
તારે-મારે છે સજાઓ એકસરખી.
આપણી શ્રદ્ધા જ કેવળ કામ આવે,
ધામ જુદાં ને ધજાઓ એકસરખી.
પ્રેમ સાચો લાગણી ને ભાવનાઓ
આપણી પાસે મતાઓ એકસરખી

- ભાનુપ્રસાદ એસ દવે
('શબ્દોત્સવ'માંથી)

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**